બગીચામાં શિકાર કરનાર

# પ્રાર્થના કરતો તીતીઘોડો

 બ્લેન્કા લવીઝ



બગીચામાં શિકાર કરનાર

# પ્રાર્થના કરતો તીતીઘોડો

બ્લેન્કા





ડોના માટે :

મેં આ પુસ્તક

ખાસ કરીને તારા માટે લખેલું છે અને ફોટા પાડ્યા છે

કારણકે બાળપણમાં એ તને બહુ પસંદ હતા.




જૂનની એક ગરમ બપોરે, એક ઘરના પાછળના બગીચામાં એક ઈંડાનું આવરણ જીવનથી ભરેલું છે. તીતીઘોડા ઇંડામાંથી બહાર નીકળી રહ્યા છે.

પાછલા પાનખરમાં, એ આવરણમાં ફક્ત ઈંડા હતા. ઠંડી હવા ચાલી. બરફ પડ્યો અને વરસાદ આવ્યો. એ છતાં, ઈંડા સુરક્ષિત રહ્યા. અને જયારે હવામાન ગરમ થયું, ત્યારે એ વધવા લાગ્યા.

હવે સેંકડો તીતીઘોડા આવરણની નીચેની ફાટમાં થી બહાર નીકળી રહ્યા છે.






એક વાર બહાર નીકળ્યા પછી, નવા તીતીઘોડા એ પાતળી કોથળીમાંથી બહાર નીકળે છે જેમાં એ સુરક્ષિત રીતે મોટા થયા હતા. એ કોથળીના બાકીના ભાગમાંથી ઊંધા લટકે છે. જોકે એ મચ્છર જેટલા નાના હોય છે, પણ એ એના આવરણ માટે બહુ મોટા છે. એટલે એ એમાંથી બહાર નીકળી જાય છે અને નીચેની નવી ચામડીને સખત થવા માટે લગભગ એક કલાક રાહ જુએ છે. પછી એ ખાવાની શોધમાં બગીચામાં નીકળી પડે છે.

તીતીઘોડા ફૂલમાંથી અમૃત ચૂસતા નથી, જેમ મધમાખી અને પતંગિયા કરે છે. અને એ લીલી વનસ્પતિ પણ ખાતા નથી, જેમ ખડમાંકડી અને થોડા ભમરા કરે છે. તીતીઘોડા બીજા કીડા ખાય છે - જીવતા! થોડા કલાકોમાં, એમાંથી ઘણા નાના તીતીઘોડા એક-બીજાને પણ ખાઈ જશે.

આ તીતીઘોડોને ફક્ત થોડા કલાક જ થયા છે, અને એને ઉભા રહેવા માટે એક ક્લોવરનું પર્ણ (ત્રિપત્ર) મળી ગયું છે. બધા કીડાની જેમ, એને પણ બે એન્ટિના અને ત્રણ જોડી પગ હોય છે. થોડા મહિનામાં, એને બે જોડી જાળીદાર પાંખ ફૂટશે.

તીતીઘોડો એના બે આગળના પગ એવી રીતે પકડે છે જાણે પ્રાર્થના કરી રહ્યો હોય. એ કારણ થી એનું નામ પ્રાર્થના કરતો તીતીઘોડો પડ્યું છે. પણ એ પ્રાર્થના નથી કરી રહ્યો હોતો. એ બસ એના પગને રસ્તામાંથી દૂર કરીને રાખે છે, અને કોઈ નાના કીડાની આવવાની રાહ જુએ છે. પછી એ હાથ આગળ કરીને એ કિડાને પકડીને ખાઈ જાય છે.






જેમ-જેમ તીતીઘોડો મોટો થાય છે, તેમ-તેમ એ એની ખાલ ઉતારે છે, અથવા જૂની ચામડી ઉતારે છે, એક ઝાડની નાની ડાળી અથવા શાખા પરથી ઊંધા લટકીને. એ આવું છ થી નવ વાર કરે છે, જે એ વાત પર આધાર રાખે છે કે એ કેટલું ખાય છે.

આ એક ઇંચ લાંબી ખાલ એક મહિના પહેલા ઉતારવામાં આવી હતી. એનાથી તીતીઘોડાનું આખું શરીર ઢંકાયેલું હતું - પગ, શરીર, ત્યાં સુધી કે એના માથાની બે એન્ટિના પણ. ખાલી ખાલ લગભગ અસલી તીતીઘોડા જેવી લાગે છે.

તીતીઘોડાની ખાલ અસલમાં એનું હાડપિંજર હોય છે. એ તીતીઘોડાને સહારો આપે છે. જો તમે કોઈ તીતીઘોડાને ઉપાડશો, તો એની ખાલ સખત, ચીકણી અને મીણ જેવી લાગશે.





જેમ-જેમ તીતીઘોડો એની ખાલ બદલે છે, એનો રંગ ઘેરો થઈને ભૂરો અથવા લીલો થઈ જાય છે. આ એક મહિનાનો લીલો તીતીઘોડો દ્રાક્ષના વેલા પર ચઢી રહ્યો છે. થોડા સમયમાં એ એના આગળના પગ પ્રાર્થના કરવાની મુદ્રામાં વાળી લેશે અને ભોજનની રાહ જોશે. પણ જે તીડ એને દેખાઈ રહ્યું છે એ એને ખાવા માટે બહુ મોટું છે. તીતીઘોડો ફક્ત એક ઇંચ લાંબો છે. જયારે એ મોટો અને લાંબો થઈ જશે, ત્યારે એ ઘણા તીડ ખાઈ જશે.



તીતીઘોડાને બીજું કંઈક મળે છે - એક તીડની ત્વચા. પણ ખાલી ત્વચા ફક્ત થોડું ખાવાલાયક હોય છે.





જયારે કોઈ નાની માખી પાસે બેસે છે, તો તીતીઘોડો એને એટલી ઝડપથી પકડી લેય છે કે તમે જોઈ પણ શકતા નથી. હવે એની પાસે ભોજન છે.

જોકે તીતીઘોડો ચાલી શકે છે, કૂદી શકે છે, અને ઉડી પણ શકે છે, જયારે એની પાંખ આવી જાય છે, તો પણ એ એના ભોજનની પાછળ બગીચામાં ભાગતો નથી. એ ચુપચાપ બેસી રહે છે અને રાહ જુએ છે, પાંદડા, ઘાસ અને ઝાડની ડાળીઓમાં ભળી જાય છે. ક્યારેક-ક્યારેક એને કોઈ નાનો કીડો એની પકડમાં આવે એ માટે ઘણી વાર સુધી રાહ જોવી પડે છે.



ઈંડામાંથી નીકળીને લગભગ બે મહિના પછી, તીતીઘોડાની પાંખ બનવા લાગે છે. આ ભૂરો તીતીઘોડો હવે બે ઇંચ લાંબો છે. એની પીઠની વચ્ચે, પાંખ બનવાનું શરુ થઈ ગયું છે. એના કાંટાવાળા આગળના પગ મોટા અને શક્તિશાળી છે. એ એક હલતા અને ગુફામાં રહેતા તમરાને છેદીને એને પકડી રાખી શકે  છે, જ્યારે એ એને ખાતો હોય છે.





ખાધા પછી, તીતીઘોડો પોતાને સાફ કરે છે. સૌથી પહેલા એ એના આગલા પગના દરેક ભાગને સાફ કરે છે. પછી એ એના માથાના દરેક ભાગને સાફ કરે છે, પહેલા એક આગળના પગ થી અને પછી બીજા પગ થી. એ દરેક પગ એના માથાની ચારે બાજુ, એના મોઢામાં, અને પાછો એના માથાની ચારે બાજુ ફેરવે છે - થોડું-થોડું બિલાડીની જેમ. તીતીઘોડાને એની આંખો અને એન્ટિના સાફ રાખવાનું જરૂરી હોય છે - એ એને ખાવાનું શોધવામાં મદદ કરે છે. આ તીતીઘોડો, અને જૂન માં નીકળેલા બાકીના બધા, ચીની તીતીઘોડા છે. ચીની તીતીઘોડાને લગભગ નેવું વરસ પહેલા અમેરિકા લાવવામાં આવ્યા હતા, કદાચ નાવમાં, કદાચ ભૂલથી. કોઈ ચોક્કસ રીતે જાણતું નથી.










આ બે તીતીઘોડા કેરોલિના તીતીઘોડા છે. એ અમેરિકાના રહેવાવાળા છે અને ચીની તીતીઘોડાથી નાના છે. લાલ ફૂલ પર બેઠું છે એણે પતંગિયું પકડ્યું છે. બીજો હજી ભોજનની રાહ જોઈ રહ્યો છે.



સપ્ટેમ્બરનો મહિનો છે, અને આ નર ચીની તીતીઘોડો છે. એણે છેલ્લી વાર એની ત્વચા ઉતારી છે. એની છેલ્લી ઉતારેલી ત્વચામાં પૂરેપૂરી વિકસિત પાંખ દેખાઈ રહી હતી, જે એની પીઠ પર સંકળાયેલી હતી. હવે એ ઉડી શકે છે. તીતીઘોડા દિવસે, સાંજે અને રાતે કીડાનો શિકાર કરે છે. ઘણા કીડાનો આરામનો સમય હોય છે, પણ તીતીઘોડા બધો સમય સાવધ રહે છે.



આ માદા પણ બધી રીતે મોટી થઈ ગઈ છે. એ નર થી મોટી છે, અને એનું પેટ ઈંડાથી ભરેલું છે. એ પહેલા સારી રીતે ઊડતી હતી, પણ હવે ઈંડાને લીધે એ ખુબ ભારે થઈ ગઈ છે.



જયારે નર એને જુએ છે, તો એ એની પાંખ ફેલાવે છે અને એના પેટને સંકોચે છે. કદાચ એનાથી એનું ધ્યાન ખેંચાય છે.



જયારે નર એની પાસે આવે છે, ત્યારે માદા એના આગલા પગ ફેલાવે છે. એ એવું નર ને સંકેત આપવા માટે કરે છે કે એ એના પર હુમલો નહીં કરે.





નર માદાની પીઠ પર ચઢે છે અને લગભગ પાંચ કલાક સુધી ત્યાં જ રહે છે. એ એને શુક્રાણુ દાન કરે છે, જેને એ એના શરીરમાં એક ખાસ જગ્યા પર સંગ્રહીને રાખે છે. જયારે સંભોગ પૂરો થઈ જાય છે, તો નર અચાનક મોટો કૂદકો મારીને ઉડીને દૂર જતો રહે છે. કદાચ એ મોટો કૂદકો એ પાકું કરે છે કે માદા એને ખાય નહીં. માદા એના સાથીને ત્યારે ખાઈ જાય છે જયારે એને લાંબા સમય સુધી કંઈ ખાવાનું મળ્યું ન હોય.







લગભગ નવ દિવસ પછી, માદા એના પહેલા ઈંડાનું આવરણ બનાવે છે. એ એક ડાળખી પર ઉંધી લટકે છે, અને એના શરીરના અંતિમ ભાગમાંથી ફીણ નીકળે છે. કામ કરતી વખતે એનું ઉદર ગોળ-ગોળ ફરે છે. જયારે એ ફીણમાં ઈંડા મૂકે છે, તો એ એને ભેગા કરેલા થોડા શુક્રાણુથી ઢાંકી દેય છે. પૂરું થઈ જાય, ત્યારે ઈંડાનું આવરણ લગભગ અખરોટ ના આકારનું થઈ જાય છે. નાની માખીઓ એની તપાસ કરે છે. નરમ ચીકણું ફીણ થોડા સમયમાં સખત થઈ જાય છે. થોડા દિવસો પછી, એ સફેદ ને બદલે ઊંડા ભૂરા રંગનું થઈ જાય છે. માદા બાકી ભેગા કરેલા શુક્રાણુથી બીજા ઈંડાના આવરણ બનાવશે, અને એ ફરીથી સમાગમ કરી શકે છે.

જેમ-જેમ દિવસો નાના અને ઠંડા થતા જાય છે, તીતીઘોડાને ભોજન માટે કીડા ઓછા થતા જાય છે. એ વધારે દિવસો જીવશે નહીં. પણ એના ઈંડાના આવરણ  બચી જશે. બરફ, હવા અને વરસાદમાં, શિયાળા અને વસંતમાં, એ બગીચામાં ડાળખીઓ પર લટકતા રહેશે, અને અંદરના ઈંડાની રક્ષા કરશે. અને જૂનમાં, જયારે દિવસો ગરમ થશે, ત્યારે બગીચાના શિકારી ફરી ઈંડામાંથી બહાર નીકળશે.

